સમાચારનો સાચો પ્રભાવ

# સત્ય સમર્પણ NEWS

સોશિયલ મીડિયા આવૃત્તિ

RNI NO: GUJGUJ/2023/84681

Email : satyasmarpannews@gmail.com





આપના મોબાઈલમાં સત્ય સર્મપણ મેળવવા ઇચ્છો છો??

QR કોડ સ્કેન કરો અને જોડાવ અમારા whatsapp ગ્રુપમાં



તંત્રી : કિશ પઢારિયા | સહતંત્રી : મયુરસિંહ જાડેજા | Date : 4-9-2025 | Thursday | Page : 8 | Year : 1 | Issue : 240 | Price : 2/-


# GST સ્લેબમાં મોટા ફેરફાર

## દૂધ, રોટલી, પિત્ઝા GST મુક્ત, હેલ્થ-લાઇફ ઇન્શ્યોરન્સ ટેક્સ ફ્રી; નોરતાંના પહેલા દિવસથી ફેરફાર લાગુ થશે

- **હવે ૪ની જગ્યાએ GSTના બે સ્લેબ થશે, ૫% અને ૧૮%**
- **સાબુ, શેમ્પૂ, એસી, કાર જેવી આવશ્યક વસ્તુઓ સસ્તી થશે**
- **GST કાઉન્સિલની ૫૬મી બેઠકમાં આ નિર્ણય લેવાયો**

નવી દિલ્હી, તા. ૪: નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે દૂધ, રોટલી, પિત્ઝા બ્રેડ સહિતની ઘણી ખાદ્ય ચીજો ૠજીઝમુક્ત રહેશે. હેલ્થ અને જીવન વીમાને પણ ટેક્સ ફ્રી કરવામાં આવ્યા છે. લક્ઝરી વસ્તુઓ અને તમાકુ ઉત્પાદનો પર ૪૦% ૠજીઝ લાદવામાં આવશે. આ સ્લેબ નવરાત્રિના પહેલા દિવસથી, એટલે કે ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવશે.

આ ફેરફારોનો હેતુ સામાન્ય માણસને જરૂરી ચીજવસ્તુઓ સસ્તી બનાવવા, આરોગ્ય સંબંધિત વસ્તુઓ પર કર ઘટાડવા અને તમાકુ જેવાં હાનિકારક ઉત્પાદનો પર કર વધારીને તેમના ઉપયોગને નિરુત્સાહિત કરવાનો છે.

નાણામંત્રીએ કહ્યું હતું કે નવા સ્લેબ નવરાત્રિના પહેલા દિવસથી, એટલે કે ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવશે, જોકે તમાકુ ઉત્પાદનો પર ૪૦%નો નવો ૠજીઝ દર હજુ લાગુ કર્યો નથી. આ ફેરફારોનો ઉદ્દેશ સામાન્ય માણસને રાહત આપવાનો, નાના વ્યવસાયોને ટેકો આપવાનો અને તમાકુ જેવાં હાનિકારક ઉત્પાદનો પર કર વધારીને એનો ઉપયોગ ઘટાડવાનો છે.

### આ ફેરફારો નાગરિકોનાં જીવનને વધુ સારું બનાવશેઃ PM

પીએમ મોદીએ ડ પર લખ્યું, 'મને ખુશી છે કે ૠજીઝ કાઉન્સિલે કેન્દ્ર સરકારના આ પ્રસ્તાવને મંજૂરી આપી છે. આમાં ૠજીઝ દરોમાં ઘટાડો અને ઘણા સુધારાઓનો સમાવેશ થાય છે.' આનાથી સામાન્ય જનતા, ખેડૂતો, MSME, મધ્યમવર્ગ, મહિલાઓ અને યુવાનોને ફાયદો થશે. આ મોટા ફેરફારો આપણા નાગરિકોના જીવનમાં સુધારો કરશે અને વ્યવસાય કરવાનું સરળ બનાવશે. આનાથી ખાસ કરીને નાના વેપારીઓ અને વ્યવસાયોને મદદ મળશે.

### જીવન જરૂરિયાતની કઈ કઈ વસ્તુઓ થશે સસ્તી

- હેયર ઓઇલ, શેમ્પૂ, ટૂથપેસ્ટ, સાબુ, ટૂથબ્રશ, શેવિંગ ક્રીમ ૧૮% થી ૫%
- માખણ, ઘી, ચીઝ અને અન્ય ડેરી ઉત્પાદનો ૧૨% થી ૫%
- પ્રી-પેકેજ્ડ નમકીન અને ચવાણું ૧૨% થી ૫%
- વાસણો ૧૨% થી ૫%
- ફીડિંગ બોટલ, બાળકોના નેપકિન્સ અને ડાયપર ૧૨% થી ૫%
- સીવણ મશીન અને તેના ભાગો ૧૨% થી ૫%
- હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ ૧૮% થી શૂન્ય
- થર્મોમીટર ૧૮% થી ૫%
- મેડિકલ ગ્રેડ ઓક્સિજન ૧૨% થી ૫%
- ગ્લુકોમીટર અને ટેસ્ટ સ્ટ્રીપ્સ ૧૨% થી ૫%
- ચશ્મા ૧૨% થી ૫%
- સ્ટેશનરી વસ્તુઓ ટેક્સ ફ્રી
- નકશા, ચાર્ટ અને ગ્લોબ્સ ૧૨% થી શૂન્ય
- પેન્સિલ, શાર્પનર્સ, ક્રેયોન્સ-પેસ્ટલ્સ કલર્સ ૧૨% થી શૂન્ય
- પાઠ્ય પુસ્તકો અને નોટબુક્સ ૧૨% થી શૂન્ય
- ઈરેઝર ૫% થી શૂન્ય
- ટ્રેક્ટર ૧૨% થી ૫%
- ટ્રેક્ટર ટાયર અને ભાગો ૧૮% થી ૫%
- જંતુનાશકો અને સૂક્ષ્મ પોષકતત્ત્વો ૧૨% થી ૫%, જમીન ખેડવા, લણણી અને થ્રેશિંગ માટેના મશીનો ૧૨% થી ૫%
- પેટ્રોલ, LPG અને CNG કાર (1200 CC અને 4000 MM સુધીના) ૨૮% થી ૧૮%
- ડીઝલ કાર (૧૫૦૦ CC અને ૪૦૦૦ MM સુધીના) ૨૮% થી ૧૮%
- થ્રી-વ્હીલર વાહનો ૨૮% થી ૧૮%
- 350 CC સુધીના બાઇક ૨૮% થી ૧૮%
- માલ પરિવહન માટેના વાહનો ૨૮% થી ૧૮%
- એર કંડિશનર ૨૮% થી ૧૮%
- ૩૨ ઈંચથી મોટા ટીવી ૨૮% થી ૧૮%
- મોનિટર અને પ્રોજેક્ટર ૨૮% થી ૧૮%
- ડીશ વોશિંગ મશીન ૨૮% થી ૧૮%

### શું મોંઘું થયું?

- લક્ઝરી વસ્તુઓ, લક્ઝરી કાર-બાઈક, તંબાકુ ઉત્પાદન, સિગારેટ, ફાસ્ટફૂડ અને કોલ્ડ ડ્રીંક્સને ૪૦%ના સ્પેશિયલ સ્લેબ હેઠળ GST વસૂલવામાં આવશે.




# ચંદ્રપાર્ક સોસાયટીમાં ગેરકાયદેસર બાંધકામ ફૂલી-ફાલીઃ તંત્રની આંખ આડા કાનની નીતિ સામે પ્રજામાં રોષ

## વોર્ડ નં. ૮માં ખુલ્લેઆમ નિયમો તોડાઈ રહ્યા – નગરપાલિકા અધિકારીઓ જાણતા હોવા છતાં કોઈ કાર્યવાહી નહીં કરતા હોવાનો આક્ષેપ

રાજકોટ તા ૪: ચંદ્ર પાર્ક સોસાયટી, વોર્ડ નં. ૮માં ગેરકાયદેસર બાંધકામોનો સિલસિલો સતત વધી રહ્યો છે. સ્થાનિક રહેવાસીઓએ આક્ષેપ કર્યો છે કે તંત્રની આંખ આડા કાનની નીતિ કારણે ખડક ઊભો કરી ગેરકાયદેસર રીતે મકાનો અને માળખાં ઉભા કરવામાં આવી રહ્યા છે. નગરજનોનો આરોપ છે કે અનેક વખત લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતાં નગરપાલિકા તંત્ર કોઈ કાર્યવાહી કરતું નથી. તંત્ર જાણતા હોવા છતાં ઠેરઠેર ગેરકાયદેસર બાંધકામ ઊભાં થઈ રહ્યાં છે, જે પાછળ રાજકીય દબાણ અને ભ્રષ્ટાચાર જવાબદાર છે, એવો આક્ષેપ નાગરિકોએ કર્યો છે. રહેવાસીઓએ ચેતવણી આપી છે કે જો તંત્ર તાત્કાલિક પગલાં નહીં ભરે તો તેઓ રસ્તા પર ઊતરવા મજબૂર થશે.





# રાજકોટ-અમદાવાદ સિક્સલેન હાઈવેના કામમાં ૭ વર્ષે પણ ચાલતું લોલંમલોલ

રૂપાલાએ સંસદમાં પ્રશ્ન પૂછ્યો હતો, કામ પૂર્ણતાના આરે હોવાનો મળ્યો જવાબ; ૧૦%થી ઓછી કામગીરી કરવામાં વર્ષ કાઢશે

રાજકોટ, તા. ૪: ગુજરાત રાજ્યના અતિ મહત્વના અને સૌરાષ્ટ્રને જોડતા મુખ્ય માર્ગ સમાન અમદાવાદથી રાજકોટને જોડતા નેશનલ હાઈવે ગઈ-૪૭ની સિક્સલેનની કામગીરીમાં ખૂબ જ વિલંબ થઈ રહ્યો છે. આ પ્રોજેક્ટની પૂર્ણતાની સતત સાતમી વખત ડેડલાઈન વધારવામાં આવી છે. એક્સટેન્શન્સ પર એક્સટેન્શન્સ છતાં ૨૦૧૮થી શરૂ થયેલી સિક્સલેન હાઈવેની કામગીરી ૨૦૨૫ના અંત આવવા છતાં પણ પૂરી થઈ શકે તેમ નથી.

તાજેતરમાં એક મહિના પૂર્વે રાજકોટના સાંસદ પરષોત્તમ રૂપાલા દ્વારા આ અંગે સંસદમાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. જેના જવાબમાં મહદઅંશે કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનો અને બાકીનું કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે નો દાવો કરવામાં આવી રહ્યો છે, પરંતુ આજે સાત વર્ષના અંતે પણ આ રોડની કામગીરી અધૂરી જ જોવા મળી રહી છે. ત્યારે હવે તંત્ર દ્વારા કુવાડવા ઓવરબ્રિજને બાદ કરતા તમામ કામ ૩ માસમાં પૂર્ણ થઈ જશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે, પરંતુ આ દાવો સફળ સાબિત થશે કે પછી પોકળ સાબિત થશે તે તો આવનાર સમય જ બતાવશે.

રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, રાજકોટ અમદાવાદ સિક્સલેન હાઈવેની કામગીરી ચાલુ છે ત્યારે આ કામ ઝડપથી પૂર્ણ થાય અને સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છના લોકોને પડતી મુશ્કેલી વહેલી તકે દૂર થાય તે માટે સરકાર ચિંતિત છે અને કાર્યરત છે. ખુદ મુખ્યમંત્રી દ્વારા આ કામગીરી અંગે સમયાંતરે સમીક્ષા કરી અધિકારીઓને વહેલીતકે આ કામ પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી રહી છે. મુખ્યમંત્રીના સીધા માર્ગદર્શન હેઠળ આ પ્રોજેક્ટની કામગીરી થઈ રહી છે. તબક્કાવાર કામ થઈ પણ રહ્યું છે, જેમાં સાયલાથી લીંબડી સુધીના રસ્તાનું કામ સંપૂર્ણ પૂર્ણ થઈ ગયું છે, એમાં કોઈપણ જાતનું કામ બાકી નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટથી લીંબડી અને લીંબડીથી અમદાવાદ સુધીના અંતરમાં મુખ્યત્વે ઈન્ટરનેશનલ હિરાસર એરપોર્ટ ખાતે ફ્લાયઓવર બ્રિજ અને બગોદરા નજીક બ્રિજમાં રોડ બનાવવાની કામગીરી તેમજ સર્વિસ રોડ કામગીરી બાકી છે. આવી જ રીતે કુવાડવા ગામ નજીક બંને બાજુ ૬-૬ કિલોમીટર સર્વિસ રોડનું કામ બાકી છે જે ટૂંક સમયમાં એટલે કે આગામી દોઢથી બે માસમાં પૂર્ણ કરી દેવામાં આવશે. જ્યારે કુવાડવા ખાતે ફ્લાયઓવર બ્રિજ માટે ડિઝાઈન નક્કી થઈ ગઈ છે અને એજન્સીને કામ પણ સોંપી દેવામાં આવ્યું છે. આ બ્રિજ બનાવી શરૂ કરવા માટે ૯ મહિના જેટલો સમય લાગશે.

સિક્સલેન હાઈવે સંપૂર્ણ કાર્યરત થયા પછી ચાર જેટલા ટોલ પ્લાઝા પણ મુકવામાં આવશે જે પૈકી માલિયાસણ નજીક એક ટોલબુથ બનાવવામાં આવનાર છે જે પણ લગભગ આગામી ૩થી ૪ મહિનામાં પૂર્ણ થઈ જશે તેવો દાવો તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે. આમ મહદઅંશે હિરાસર એરપોર્ટ સ્થિત ઓવરબ્રિજ સહીત તમામ આખાએ સિક્સલેન હાઈવેનું કામ નવેમ્બર ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થઈ જશે અને કુવાડવા બ્રિજ જુલાઈ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થઈ જવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

વર્ષ ૨૦૧૧માં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટને ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદથી જોડતા રાજકોટ-અમદાવાદ હાઈવેને ફોરલેનમાંથી સિક્સલેન બનાવવા માટે વિચારણા શરૂ કરી હતી. ત્યાર બાદ વર્ષ ૨૦૧૭ના ઓક્ટોબર મહિનામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સમયે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી હતા. ત્યાર બાદ વર્ષ ૨૦૧૮માં રોડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી, જોકે આજે ખાતમુહૂર્ત થયાને ૭ વર્ષ કરતાં વધુ સમય વીતી ગયો છતાં સિક્સલેન હજુ તૈયાર થયો નથી.



## સિક્સલેન હાઈવેની કામગીરી અમદાવાદ-રાજસ્થાનની બે અલગ-અલગ એજન્સીને સોંપાઈ

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ ગાંધીનગરના તા.૧૦.૦૬.૨૦૧૬ના પરિપત્રથી રાજકોટ-અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮ અ (નવો ૪૭) અને ૮ ઈ (નવો ૨૭)ને ચાર માર્ગીયમાંથી ૬ માર્ગીયકરણ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી, જે અન્વયે ૨૦૧ કિલોમીટરના આ સિક્સલેન હાઈવેની કામગીરી ૩૩૫૦ કરોડના ખર્ચે અમદાવાદ અને રાજસ્થાનની બે અલગ-અલગ એજન્સીને સોંપવામાં આવી હતી અને હાલ માર્ગ-મકાન વિભાગની દેખરેખ હેઠળ આ કામગીરી ચાલી રહી છે.

## અમદાવાદ-રાજકોટ હાઈવેનો મોટો હિસ્સો પૂર્ણતાને આરે

ઉલ્લેખનીય છે કે છેલ્લા સાત વર્ષથી અમદાવાદ-રાજકોટ સિક્સલેન હાઈવેની કામગીરી ચાલી રહી છે અને હવે લોકો માટે આ કામગીરી એક માથાનો દુખાવો સમાન બની ગઈ છે ત્યારે લોકસભામાં રાજકોટના સાંસદ પરશોતમ રૂપાલાએ ગુજરાતમાં નેશનલ હાઈવેના વિકાસકાર્યો અને ખાસ કરીને રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવેની કામગીરીની સ્થિતી અંગે પ્રશ્ન કર્યો હતો જેના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે અમદાવાદ-રાજકોટ હાઈવેનો મોટો હિસ્સો પૂર્ણતાને આરે છે આ ઉપરાંત વર્ષ ૨૦૨૯-૩૦ સુધીમાં ₹૫૫,૬૧૪ કરોડના ખર્ચે ૬૯ નેશનલ હાઈવે પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં આવશે.

## ૭ વાર મુદ્દત વધાર્યા બાદ પણ કામ અધૂરું

સિક્સલેન હાઈવેની પહેલી મુદત ૨૦૨૦માં, બીજી મુદત ૩૦ જૂન ૨૦૨૩માં, ત્રીજી મુદત ડિસેમ્બર ૨૦૨૩, ચોથી મુદત માર્ચ ૨૦૨૪ અને હવે પાંચમી મુદત ઓક્ટોબર ૨૦૨૪ ત્યારબાદ જુલાઈ ૨૦૨૫ મુદત આપવામાં આવી હતી. રાજકોટથી અમદાવાદ સુધી જવા માટે હજુ પણ ટ્રાફિક સમસ્યા જોવા મળી રહી છે, જેમાં બગોદરા, ચોટીલાથી લીંબડી વચ્ચેના રસ્તા પર તેમજ તારાપુર ચોકડી નજીક ત્રણથી ચાર જગ્યા પર ટ્રાફિકજામની સમસ્યા લોકોને સહન કરવી પડી રહી છે. રાજકોટથી શરૂ કરીએ તો પ્રથમ ગ્રીનલેન્ડ ચોક, ત્યાર બાદ સાત હનુમાન મંદિર પાસે, ત્યાર બાદ કુવાડવા નજીક, ત્યાર બાદ વાંકાનેર બાઉન્ડરી નજીક અને ત્યાર બાદ બગોદરા નજીક હજુ પણ સિક્સલેન કામગીરી અધૂરી હોવાનું સામે આવી રહ્યું છે.

# શાંતિ ડહોળવાના છમકલાં અને વૈશ્વિક વિવાદો



## તંત્રી લેખ

- ક્રિશ પઢારિયા

ગઈકાલે એસસીઓ એટલે કે શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની સમિટ દરમ્યાન યોજાયેલી ઔપચારિક, વિપક્ષીય અને તમામ સભ્ય દેશોની બેઠકો તથા અન્ય પ્રવૃત્તિઓ, હાવભાવ અને ફોટોસેશન વગેરેનું વિશ્લેષણ કરીને ભારત તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રભાવથી સંયુક્ત ઘોષણાપત્રમાં આતંકવાદનો વિરોધ થયો, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ એકલા પડી ગયા અને વડાપ્રધાને પાકિસ્તાનના વડાપ્રધાનની હાજરીમાં પહલગામ હૂમલાને ટાંકીને કરેલા શાબ્દિક પ્રહારોની જ ચર્ચા થતી રહી હતી અને મોદી-પુતિન-જીનપીંગની નજીકતાના કારણે ટ્રમ્પ તમતમી ઉઠ્યા હોવાના અહેવાલો પણ આવ્યા હતા. જો કે, ચીનના સીઈપીસી એટલે કે ચાયના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોરના મુદ્દે ભારતે વિરોધ કર્યો નહીં, તેથી ભારત પણ આ મુદ્દે એકલું પડી ગયું હોવાના તારણો પણ કાઢવામાં આવી રહ્યા છે. આમ, સિલેકટિવ, અલગ-અલગ મુદ્દે બંને દેશોને એસસીઓના તમામ દેશોનું સમર્થન મળ્યું નહોતું. આ ઉપરાંત એસસીઓના ઘટનાક્રમોનો ઉલ્લેખ કરીને કેટલાક વિપક્ષી નેતાઓ પણ તૂટી પડ્યા છે અને મોદી સરકારને આડે હાથ લીધી છે. કોંગ્રેસે શાંઘાઈમાં ચીન સામે ભારત ઝુકી ગયું હોવાનો અભિપ્રાય વ્યક્ત કરતા મોદી સરકારની વિદેશનીતિ સદંતર નિષ્ફળ ગઈ હોવાના પ્રત્યાઘાતો આપ્યા છે.

ચીનનો પ્રવાસ પુરો કરીને વડાપ્રધાન સ્વદેશ પરત ફરી રહ્યા હતાી, તે જ સમયે ભારતમાં સમગ્ર મુલાકાતને લઈને મિશ્ર પ્રત્યાઘાતો આવવા લાગ્યા હતા. એનડીએના નેતાઓ આ મુલાકાતને સફળ ગણાવીને ટ્રમ્પને ટેરિફનો તમતમતો જવાબ મળી ગયો હોવાના દાવા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુણગાન ગાઈ રહ્યા હતા, તે જ સમયે કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ તથા પ્રવક્તાઓ આકરી ટીકા કરી રહ્યા હતા. આ કારણે લોકોમાં કનફ્યુઝન પણ ઊભું થયું છે. ભારતનો દબદબો વધે, આપણી કેન્દ્ર સરકારની કૂટનીતિ સફળ થાય, તેથી પ્રત્યેક ભારતીયોની છાતી ગજ ગજ ફૂલે, પરંતુ કેટલીક કડવી વાસ્તવિકતાઓ પણ સ્વીકારવી જ પડે ને ?

દષ્ટાંત તરીકે કોંગ્રેસના તજતર્રાર અને આખાબોલા દિગ્ગજ નેતા જયરામ રમેશે સોશ્યલ મીડિયાના માધ્યમથી જે વિસ્તૃત પ્રત્યાઘાતો આપ્યા, તે પણ ગઈકાલથી જ ટોક ઓફ ધ નેશન બન્યા છે. તેમણે લખ્યું છે કે ચીન પર આતંકવાદના મુદ્દે બેવડા ધોરણો રાખવાના આરોપો મુકતા રહેતા વડાપ્રધાન મોદીએ હવે ભારત અને ચીન બંને દેશો આતંકવાદના શિકાર હોવાનું કહ્યું હોય તો તે કહેવાતા હાથી (ભારત) ડ્રેગન (ચીન) સમક્ષ ઝુક્યું હોવાનું તારણ ન નીકળી શકે ?

તેમણે આકરા શબ્દપ્રયોગ કરીને લખ્યું કે ઓપરેશન સિંદૂર દરમ્યાન મોદી જીનપીંગ સાથેની વાતચીતમાં ચીન-પાકિસ્તાનની જુગલબંધી અંગે એક શબ્દ પણ બોલ્યા નહીં, અને આ હકીકત સેનાના અધિકારીઓ દ્વારા જ જાહેર કરવામાં આવી હતી. શું એ રાષ્ટ્ર વિરોધી વલણ ન કહી શકાય ?

અહીંથી જ નહીં અટકતા જયરામ રમેશે મોદી પર પ્રહારો કરતા કહ્યું છે કે ‘‘સ્વયં ઘોષિત ૫૬ ઈંચની છાતી વાળા નેતા (મોદી) હવે પૂરેપૂરા ખુલ્લા પડી ગયા છે. વર્ષ-૨૦૨૦ ના જૂન મહિનામાં પણ તેઓએ ચીનને ક્લીનચીટ આપીને રાષ્ટ્રીય હિતો સાથે



બાંધછોડ કરી, તે એક દગાબાજી જ હતી. હવે તિયાનજીનમાં ૩૧ ઓગષ્ટ-૨૦૨૫નો દિવસ કાર્યરતપૂર્ણ અહંકાર માટે ‘‘બદનામીના દિવસ‘‘ તરીકે યાદ રહેશે.‘‘

હકીકતમાં એસસીઓમાં ચીન, ભારત, રશિયા, નેપાળ, માલદીવ, ઈજિપ્ત, તાજિકિસ્તાન, બેલારૂસ ઉપરાંત અન્ય આમંત્રિત દેશોના વડાઓએ પણ ભાગ લીધો હતો અને તે દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તમામ વૈશ્વિક નેતાઓ સાથેની ઉષ્માભરી મુલાકાત અને વાટાઘાટોની ચર્ચા થઈ રહી હતી, જેનો કોંગ્રેસના નેતાએ આ રીતે આકરી ટીકા કરી હતી. તે ઉપરાંત અન્ય કેટલાક નેતાઓએ પણ મોદીનીતિની આલોચના કરી હતી, જેનો ભાજપ તથા એનડીએના નેતાઓએ જોરદાર જવાબ આપ્યો હતો. તટસ્થ નિરીક્ષકોનું માનવું એવું છે કે દેશના હિતમાં ભારતની વાહવાહી થાય, તે વૈશ્વિક રાજનીતિની દૃષ્ટિએ આપણાં દેશ માટે ફાયદાકારક હોય શકે, પરંતુ વ્યક્તિગત વાહવાહી કે વ્યક્તિગત વિરોધવાણી દુશ્મનોને પણ લાભ કરાવી શકે છે, તે ભૂલવું ન જોઈએ.

આ પ્રકારના તટસ્થ અભિપ્રાયો એટલા માટે આવ્યા કે અમેરિકાના નવારાએ કરેલા લવારા દરમ્યાન રશિયા સાથે ક્રૂડ ઓઈલના વેપલાનો ફાયદો ચોક્કસ ઉચ્ચ જ્ઞાતિના ભારતીયોને મળી રહ્યો હોવાનું જે અત્યંત વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું, તેને કોંગ્રેસના એક દિગ્ગજ નેતાએ સમર્થન આપીને જે કાંઈ કહ્યું, તેના કારણે નવો જ વિવાદ ઊભો થઈ ગયો છે, એટલું જ નહીં, આ પ્રકારના વિવાદોનો ગેરફાયદો દુશ્મનો ઉઠાવી રહ્યા હોવાના અભિપ્રાયો બિનરાજકીય અને ન્યુટ્રલ વિશ્લેષકો દ્વારા પણ વ્યક્ત થયા છે.

બીજી તરફ અમેરિકાની ટ્રમ્પ સરકારના સલાહકાર પિટર નવારોના કેટલાક મનઘડંત આક્ષેપોનો ભારતે જે સત્તાવાર જવાબ આપ્યો છે, તેને સર્વક્ષેત્રિય સમર્થન મળી રહ્યું છે. નવારોને જવાબ આપતા ભારતે ચોખ્ખા ચણક શબ્દોમાં જણાવાયું છે કે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવામાં ભારતે કોઈપણ વૈશ્વિક નિયમોનું ઉલ્લંઘન કર્યું નથી. ભારતની ઉર્જાનીતિએ ગ્લોબલ માર્કેટની સ્થિરતા તથા ભાવો પર અંકુશ રાખવામાં મદદ કરી છે. યુક્રેન યુદ્ધ પછી રશિયન ઓઈલની ખરીદી વધી હોવા છતાં ભારતે કોઈ નફાખોરી કરી નથી. યુક્રેન યુદ્ધ શરૂ થયું તે પહેલા થી જ ભારત વિશ્વનો ચોથો પેટ્રોલિયમ પ્રોડક્શન એક્સપોર્ટ કરનારો દેશ રહ્યો છે., અને તે સમયે જે નફો હતો, તેટલો જ નફો જળવાઈ રહ્યો હોવાથી નફાખોરીનો આરોપ મનઘડંત બેબુનિયાદ અને ગેરમાર્ગે દોરનારો છે.

# રાજકોટમાં ૧૭ વર્ષીય સગીરાનો પોલીસ તંત્રના વર્તનથી કંટાળી ફિનાઈલ પી આત્મહત્યાનો પ્રયાસ

### ■ સગીરાએ પોલીસથી કંટાળી ફિનાઈલ ગટગટાવ્યું: માતાનો આક્ષેપ, કહ્યું– મહિલા પોલીસ અને એક કોન્સ્ટેબલે દીકરીને પોલીસ સ્ટેશનમાં ઢસડી, શર્ટનાં બટન તોડ્યા ને ઢોરમાર માર્યો

રાજકોટ, તા. ૪: રાજકોટમાં ૧૭ વર્ષીય સગીરાએ પોલીસ તંત્રના વર્તનથી કંટાળી ફિનાઈલ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. યુવતીનું નામ લઈને બનાવાયેલા ફેક એકાઉન્ટ મામલે પરિવારે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી પરંતુ, યુવતી અને તેની માતાના આક્ષેપ મુજબ ફરિયાદ નોંધાવવાની જગ્યાએ મહિલા પોલીસ અને એક કોન્સ્ટેબ ુ પીનેમા રમાર્ો હો . આ ઘટના બાદ માનસિક દબાણમાં આવી યુવતીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો, જેને ગંભીર હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ છે. યુવતીની માતાએ પોલીસની કાર્યપદ્ધતિ સામે સીધો સવાલ ઉઠાવી મુખ્યમંત્રી તેમજ માનવ અધિકાર પંચમાં લેખિત રજુઆત કરી જવાબદારો સામે કાર્યવાહી કરવા માંગ કરી છે.

**૧૭ વર્ષીય સગીરાએ રાત્રે ફિનાઇલ ગટગટાવી**

રાજકોટના યુનિવર્સિટી રોડ પર પુષ્કરધામ વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય સગીરા ગઈકાલે રાત્રે દોઢ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતી ત્યારે ફિનાઈલ પી જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સગીરાની માતાએ જણાવ્યું હતું કે, સગીરાના પિતા હયાત નથી અને સગીરા ધોરણ-૧૨માં જૂનાગઢની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરે છે. તેની સગાઈ નક્કી થઈ ગઈ છે. જે યુવક સાથે સગાઈ થઈ છે તે યુવકને ઈન્સ્ટાગ્રામના સજેશનમાં સગીરાના નામનું એકાઉન્ટ જોવા મળ્યું હતું. તેણે આ એકાઉન્ટ ઉપર મેસેજ કર્યો, જેમાં સામા પક્ષે રીપ્લાય મળ્યો કે તે એકાઉન્ટ મોરબી જિલ્લાના હળવદ નજીક આવેલ ધુંવા ગામનો કોઈ યુવાન હેન્ડલ કરે છે. જેથી સગીરાના મંગેતરે સગીરાની માતાને વાત કરી હતી.



**યુવાનની બીભત્સ માંગ ન સંતોષતા સગીરાનું ફેક આઈ.ડી. બનાવ્યું**

સગીરાની માતાએ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં સગીરાનું ફેક આઈડી બનાવવામાં આવ્યું હોવાની જાણ કરી હતી. સાયબર ક્રાઈમમાંથી ૧૯૩૦ ઉપર ફરિયાદ નોંધાવાનું જણાવતા તે મુજબ ૧૯૩૦ ઉપર માતાએ ફરિયાદ નોંધાવી હતી. જે પછી રાજકોટ સાયબર ક્રાઈમમાંથી ફોન આવ્યો અને તમારી દીકરીને લઈને સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન આવો તેમ જણાવ્યું હતું. આ પછી સગીરાને લઈ તેઓ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ગયા હતા. જ્યાં સગીરાની માતાને જણાવ્યું હતું કે, ધુંવા ગામના યુવાન સાથે ઈન્સ્ટાગ્રામ મારફત સંપર્ક થયો હતો. યુવાને બીભસ્ત માંગણી કરી હતી અને લગ્નની લાલચ આપી હતી, જે અંગે સગીરાએ મનાઈ ફરમાવતા યુવાને ઉશ્કેરાઈ તેના નામનું ફેક આઈડી બનાવ્યું હતું.

**મહિલા પોલીસ અને કોન્સ્ટેબલે મારી દીકરીને માર માર્યો**

સગીરાની માતાએ જણાવ્યું હતું કે, અમે પોલીસમાં ગુનો દાખલ કરવા વિનંતી કરી હતી પરંતુ, પોલીસે આરોપીનો પક્ષ લઈ હજુ સુધી ગુનો દાખલ કર્યો નથી. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન હતા ત્યારે પોલીસકર્મી યશપાલસિંહ અને લેડી કોન્સ્ટેબલ ધરતીબેને સગીરાને માર માર્યો હતો. વધુ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, હું અને મારી દીકરી પોલીસ સ્ટેશનમાં હતા ત્યાં પોલીસ કર્મચારી/અધિકારી કે જે સાદા કપડામાં હતા, તેણે સગીરાને ફરિયાદ બાબતનું કંઈપણ પૂછ્યું નહીં, આરોપી બાબતે કંઈ જાણ કરી નહીં તેમજ પૂછપરછ કર્યા વગર સગીરાને જેમ-ફાવે તેમ એક મહિલા પોલીસ કર્મચારી ધરતી મેડમ તથા એક પુરૂષ પોલીસ કર્મચારી માર મારવા લાગ્યા હતા.

**CM અને માનવ અધિકાર આયોગમાં પણ ફરિયાદ કરી**

મારી દીકરીને માથાનાં પાછળના ભાગમાં માર મારેલો હતો, ગાલમાં ચીંટિયા ભર્યા હતા, શર્ટનાં બટન પણ તોડી દીધા હતા, પગમાં લાકડી મારી હતી અને પોલીસ સ્ટેશનમાં ઢસડી હતી, જેના કારણે ખુરશી સાથે પગ ભટકાતાં પગમાં ઈજા પહોંચી હતી. પોલીસ કર્મચારીએ કહ્યું કે, તમે થોડી વાર માટે રૂમની બહાર જતાં રહો તમારી દીકરીની પુછપરછ કરવી છે. જેથી બહાર જતાં હતા ત્યાં જ લેડીસ તેમજ જેન્ટસ પોલીસ કર્મચારી મારી દીકરીને મારવા લાગ્યા હતા. જેથી હું વચ્ચે પડતાં આ બંને પોલીસ કર્મચારીએ મને જોરથી ધક્કો મારી અને રૂમની બહાર ધકેલી દીધી હતી. મારે ન્યાય જોઈએ છે અમારી ફરિયાદ અરજી કોઈ લેતું નથી માટે મુખ્યમંત્રી અને માનવ અધિકાર આયોગમાં પણ ફરિયાદ કરી છે.

# મોરબી સિરામિક ઉદ્યોગને નવી રેલ કનેક્ટિવિટી મળી

રાજકોટ, તા. ૪: મોરબી એ ગુજરાતનું સિરામિક હબ ગણાય છે, ત્યાંના ઉદ્યોગોને હવે રેલ કનેક્ટિવિટીની નવી સુવિધા મળી છે. રાજકોટ રેલવે ડિવિઝને આ ક્ષેત્રમાં એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે, જ્યારે મકનસર સ્થિત નવા ફ્રેટ ટર્મિનલથી પહેલી કન્ટેનર ટ્રેનનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું છે. આ પગલાથી મોરબી અને તેની આસપાસના ઉદ્યોગોને દેશભરમાં માલ મોકલવા માટે એક વધુ સસ્તો અને ઝડપી વિકલ્પ મળ્યો છે. આ રેલ કનેક્ટિવિટીથી માલવહનની કિંમતમાં ઘટાડો થવાની આશા છે. હાલમાં પ્રથમ ફેરામાં રેલવેને રૂ. ૫.૯૪ લાખની આવક થઈ છે. આગામી સમયમાં રેલવે ડિવિઝનની આવકમાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા છે.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ ડિવિઝનની બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટએ આ સિદ્ધિ માટે ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. દ્વારા સતત પ્રયાસો કરાઈ રહ્યા હતા કે, નવી-નવી કોમોડિટીનું રેલ માર્ગે પરિવહન કેવી રીતે વધારી શકાય? આ માટે ઈઉઅએ સ્થાનિક ઉદ્યોગકારો અને વેપારીઓ સાથે સંપર્ક કરીને તેમને રેલવે દ્વારા માલ મોકલવાના ફાયદાઓ સમજાવ્યા હતા. આ પ્રયાસોના પરિણામે જ આજે મકનસરથી પ્રથમ કન્ટેનર ટ્રેનનું સંચાલન શક્ય બન્યું છે.







ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ રેલવે દ્વારા આપવામાં આવી રહેલા વિવિધ પ્રોત્સાહનોને કારણે રાજકોટ ડિવિઝનમાં આ લદાણ શક્ય બન્યું છે. આગામી સમયમાં આ ટ્રાફિકમાં વધુ વધારો થવાની શક્યતા છે. આ નવી સુવિધા મોરબીના સિરામિક ઉદ્યોગને વધુ વેગ આપશે અને તેમના ઉત્પાદનોને દેશના ખૂણે-ખૂણે પહોંચાડવામાં મદદરૂપ થશે. આ ટર્મિનલ ભવિષ્યમાં આર્થિક વિકાસનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર પણ બની રહેશે.

# રાજકોટની કંપનીનું ઈ-મેઈલ આઈ.ડી. હેક કરી પૂર્વકર્મીએ ૮૦ લાખ માંગ્યા

## ■ કંપનીના પૂર્વ એકાઉન્ટન્ટે ઇ મેઇલ આઇડીનો એક્સેસ મેળવી ડેટા ચોરી લીધોઃ આરોપીને સકંજામાં લેવા તજવીજ



રાજકોટ, તા. ૪: રાજકોટની પ્રોમોકાશ કંપનીનું ઈ-મેઈલ આઈડી અને ડેટા હેક કરી પૂર્વ કર્મીએ ૮૦ લાખ માંગતા સાયબર પોલીસ મથકમાં ગુનો નોંધાતા તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. કંપનીના પૂર્વ એકાઉન્ટન્ટ અનંત કોબીયાએ ઈમેઈલ આઈડીનો એક્સેસ મેળવી ડેટા ચોરી લઈ ડાયરેકટને રૂબરૂ મળી ૮૦ લાખની માંગણી કરી ડેટા વાયરલ કરવાની ધમકી આપી હતી.બનાવ અંગે ૧૫૦ ફૂટ રિંગરોડ પર ચંદ્રપાર્ક-૦૨, શેરી નં.૧૪ માં રહેતા

કૈલાશભાઈ અરવીંદભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અનંત વાઘજી કોબીયાનું નામ આપતાં સાયબર ક્રાઈમની ટીમે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમા ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પ્રોમોકાશ આઉટ સોસીંગ લીમીટેડ કંપનીના ડાયરેકટર છે અને પ્રોમોદભાઈ બાબુભાઈ યાદવ પણ તેઓની સાથે ડાયરેકટર છે. આ કંપની ૧૫૦ ફૂટ રિંગરોડ પર મવડી સર્કલ આર.કે.એમ્પાયર ૯૨૬ ખાતે આવેલ છે. જેમા ફરીયાદી તેના ભાગીદાર અને અન્ય છ લોકોનો સ્ટાફ બેસી લેબર સપ્લાયનુ કામ કરે છે.તેઓની કંપનીના Kailash. prajapati pramokash.com નામનું મેઈલ આઈડી વપરાશ કરે છે.ગઇ તા.૨૭/૦૬ના તેઓ કંપનીએ હતો ત્યારે બપોરે ૧૨:૩૦ વાગ્યે તેમના મોબાઈલમા સ્ક્રીન ઉપર એક નોટીફીકેશન આવેલ જેમા તેઓનું મેઈલ આઈડી અન્ય કોઈ ડીવાઈઝમા લોગીન થયેલ હોવાનુ નોટીફીકેશન આવેલ હતું. ત્યારબાદ તે આઈડી પોતાના ફોનમા લોગીન કરતા તે લોગીન થતુ ના હોય અને હેક થયેલ હોય તેવુ જણાયેલ હતુ. થોડાક દિવસો બાદ અનંત કોબીયા નામના કંપનીના જુના કર્મચારી સોરઠીયા વાડી સર્કલ પાસે મળેલ અને તેમણે મને કહેલ કે, મે તારી કંપનીના ઇ-મેઇલ આઇડી હેક કરેલ છે, જો તારા આ આઈડી તથા કંપનીનો ડેટા પાછો જોઈતો હોય તો તારે મને રૂ.૮૦ લાખ આપવા પડશે અને જો રુપિયા નહી આપીશ તો તમારી કંપનીનો ડેટા વાયરલ કરી દઈશ.

ઉપરાંત ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓની કંપનીમા આશરે ત્રણ વર્ષ પહેલા નોકરી કરતા અનંત વાઘજી કોબીયા જેઓ કંપનીમા એકાઉન્ટન્ટ તથા એચ.આર. તરીકે નોકરી કરતા હતા, તેઓએ ફરીયાદીની જાણ બહાર કપટથી મેઈલ આઈડી હેક કરી કમ્પ્યુટરમા રહેલ આ કંપનીનો ડેટા વાઈરલ કરવાની ધમકી આપી બ્લેક મેલ કરતા ફરીયાદ નોંધાવી હતી.બનાવ અંગેની ફરીયાદ પરથી સાયબર ક્રાઈમની ટીમે ગુનો નોંધી આરોપીને સકંજામાં લેવાં તજવીજ આદરી હતી.

# જામનગરમાં રીલ બનાવવાના ચક્કરમાં યુવાનનો જીવ જોખમમાં મુકાયો, કાર સહિત ડેમમાં ખાબક્યો





જામનગર, તા. ૪: જામનગરના વાણીયા ગામમાં મંગળવારે (બીજી સપ્ટેમ્બર) સાંજે એક યુવાન કાર સાથે રીલ બનાવવાના ચક્કરમાં ડેમના પાણીમાં કાર સાથે ખાબક્યો હતો. ગ્રામજનોએ તેને બચાવીને બહાર કાઢી લીધો હતો. જો કે, કાર ડેમના પાણીમાં ગરકાવ થઈ હતી, જેને ક્રેઈનનવી મદદથી બહાર કાઢવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર, જામનગરના વાણીયા ગામ નજીક વાગડિયા ડેમ આવેલો છે, જે ડેમ નજીક મંગળવારે સાંજે એક યુવાન પોતાની એકસયુવી કાર સાથે આવ્યો હતો અને મોબાઈલ ફોનમાં રીલ બનાવવામાં વ્યસ્ત બન્યો હતો. આ દરમિયાન એકાએક તેની કાર ડેમના પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. ડરના માર્યા તેણે સૌપ્રથમ બુમાબુમ કરી મૂકી હતી અને મહા મુશ્કેલીએ પોતે કારની બહાર નીકળીને ઉપર ચડી ગયો હતો.

આ ઘટના બાદ ગ્રામજનોએ એકત્ર થઈને યુવકને બહાર કાઢી લઈ બચાવી લીધો હતો. પરંતુ તેની કાર પાણીમાં ગરકાવ થઈ હતી. જો કે, બાદમાં ક્રેઈનની મદદથી કારને બહાર કાઢવા માટેના પ્રયત્નો કરાયા હતા. આ રીતે રીલ બનાવવાની ઘેલછા એક યુવાન માટે મુસીબત સાબિત થઈ હતી, જોકે સદભાગ્યે તેનો જીવ બચ્યો છે.

# કેદારનાથની યાત્રાએ ગયેલા રાજકોટ-મોરબી-જામનગરના ૪૭ યાત્રિકો અટવાયા



રાજકોટ, તા. ૪: કેદારનાથના દર્શને ગયેલા રાજકોટ, મોરબી અને જામનગર સહિત સૌરાષ્ટ્રના ૪૭ જેટલા શ્રદ્ધાળુઓ ભારે વરસાદ અને ભેખડો ધસી પડવાને કારણે અટવાયા હોવાનો મામલો સામે આવ્યો હતો. જોકે, હવે રસ્તો ખૂલતા તમામ યાત્રાળુઓ સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા છે.

મળતી માહિતી મુજબ, મંગળવાર રાત્રિના સમયે કેદારનાથમાં ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે કેટલાક રસ્તાઓ પર ભેખડો ધસી પડી હતી. આ કારણોસર ૪૭ જેટલા શ્રદ્ધાળુઓ હોટલમાં રોકાઈ ગયા હતા અને આગળ વધી શક્યા નહોતા. રસ્તાઓ બંધ થવાથી તેઓને મુશ્કેલી પડી હતી.

આ મામલે રાજકોટના એડિશનલ કલેક્ટર આલોક ગૌતમે જણાવ્યું હતું કે, તેઓ સ્ટેટ કંટ્રોલ રૂમ તેમજ ત્યાંના સ્થાનિક કલેક્ટર અને ઉત્તરાંખડ મુખ્યમંત્રી કાર્યાલયના સતત સંપર્કમાં હતા. તેમણે સ્પષ્ટતા કરી કે યાત્રાળુઓ ફસાયા નહોતા, પરંતુ વરસાદના કારણે રસ્તો બંધ થવાથી તેમને આગળ વધવામાં વિલંબ થયો હતો.

રાજકોટ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ દ્વારા જણાવ્યુ હતુ કે , તમામ યાત્રાળુઓ ગૌરીકુંડથી સોનપ્રયાગ જવા માટે રવાના થયા હતા.

# ‘સત્ય સમર્પણ’ આયોજિત વેલકમ નવરાત્રીમાં સંગીતના તાલે ખેલૈયાઓ ઝૂમવા થઈ જાવ તૈયાર

## ■ ૨૦ સપ્ટેમ્બરનાં બોલીવુડ સ્પેશિયલ મ્યુઝિકલ નાઈટ – લોકપ્રિય કલાકારોની સુરીલી રજૂઆતો સાથે નવરાત્રી પહેલાં મનોરંજનનો મહોત્સવ

રાજકોટ તા ૪: રાજકોટ શહેરના ખેલૈયાઓ માટે નવરાત્રી પહેલાં જ મોજશોખનો માહોલ સર્જાવાનો છે. સત્ય સમર્પણ સમાચાર દ્વારા ‘વેલકમ નવરાત્રી ૨૦૨૫’ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ શનિવાર, તા. ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ, અયોધ્યા ચોક નજીકના વેલ્વેટ પાર્ટી પ્લોટ ખાતે યોજાશે.

ખેલૈયાઓને મંત્રમુગ્ધ કરતી આ સાંજને ખાસ બનાવવા માટે પાજી મ્યુઝિક, રિયા તન્ના, શેખરદાન ગઢુઈ, પ્લેબેક સિંગર પૂનમ ગોંડલીયા અને આરિફ જારીયા પોતાની સુરીલી રજૂઆતો સાથે ઉપસ્થિત રહેશે. ખાસ કરીને બોલીવુડ સ્પેશિયલ થીમ પર આધારિત આ કાર્યક્રમમાં ખેલૈયાઓને નાચવા અને ઝૂમવા માટે પૂરતું મનોરંજન મળશે.

નવરાત્રીના રંગોમાં રંગાવા તૈયાર થઈ રહેલા રાજકોટવાસીઓ માટે આ મ્યુઝિકલ નાઈટ એક યાદગાર અવસર સાબિત થશે. ખેલૈયાઓ અને યુવાનોને સંસ્કૃતિ, સંગીત અને મનોરંજનનો અનોખો મેળાપ આ કાર્યક્રમમાં અનુભવાશે.




# એકસાથે ચાર વરસાદી સિસ્ટમ સક્રિય, ૩ દિવસ દ. ગુજરાતને મેઘરાજા ધમરોળશે

## ■ નર્મદા, છોટાઉદેપુર અને ભરૂચમાં રેડ એલર્ટઃ દરિયાકાંઠે ૩ નંબરનું સિગ્નલ



ગાંધીનગર, તા. ૪: હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી ૫ દિવસ દરમિયાન રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે અને પવનની ગતિ ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. આ ઉપરાંત, દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે આગામી ૫ દિવસ સુધી પવન ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાશે. આજે દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે કઈજ-૩ લગાવવામાં આવ્યું છે.

રાજ્યમાં હાલમાં ૪ વરસાદી સિસ્ટમ સક્રિય છે, જેમાં પૂર્વ ભાગમાં સક્રિય થયેલ લો પ્રેશર સિસ્ટમ સાથે સાયક્લોનિક સર્ક્યુલેશન, અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન, ટ્રફ લાઈન અને મોન્સૂન ટ્રફનો સમાવેશ થાય છે. આ સિસ્ટમ્સને કારણે ગુજરાતમાં સારો વરસાદ થવાની શક્યતા છે. અમદાવાદમાં આજે ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આજે સવારના ૬થી ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યાના ૧૦૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ દાહોદના ઝાલોદમાં ૧.૬૫ ઈંચ તો સૌથી ઓછો ભરૂચના અમોદમાં ૧ મિમી વરસાદ નોંધાયો છે. તો બીજી તરફ ઉપરવાસમાંથી ૪ લાખ ક્યુસેક પાણીની આવક થતા નર્મદા ડેમની સપાટી ૧૩૫.૪૭ મીટર સુધી પહોંચી છે. સરદાર સરોવર ડેમમાં ફૂલ લેવલ જાળવવા માટે ૩ સપ્ટેમ્બરના રાતથી તબક્કાવાર પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમના ૧૫ દરવાજા અને આરબીપીએચ, કેનાલ મારફતે ૩ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં જળસપાટીમાં ૧૦ સેમીનો વધારો નોંધાયો છે. વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાના ૨૭ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક, રામાશ્રય યાદવે જણાવ્યું કે, મોન્સૂન ટ્રફના કારણે આ વરસાદી માહોલ બન્યો છે. આગામી દિવસોમાં ગુજરાતમાં વરસાદનું જોર વધશે. આજે, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, તાપી, ડાંગ, નર્મદા, છોટાઉદેપુર, અરવલ્લી, મહીસાગર, સાબરકાંઠા, દાહોદ, સુરત અને પંચમહાલમાં ભારે વરસાદની શક્યતા છે.

રાજ્યમાં અત્યારસુધીમાં સરેરાશ ૯૨ ટકાથી વધુ વરસાદ

ગાંધીનગર સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યું મુજબ, ગુજરાતમાં ચાલુ વર્ષે મેઘરાજાએ તમામ વિસ્તારમાં મેઘમહેર કરી છે. ચોમાસું સિઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે ૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૯૨.૬૪ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ઉત્તર ગુજરાતમાં ૯૬.૯૪ ટકા વરસાદ, દક્ષિણ ગુજરાતમાં ૯૬.૯૧ ટકા, પૂર્વ-મધ્યમાં ૯૩.૭૯ ટકા, કચ્છમાં ૮૫.૧૪ ટકા અને સૌરાષ્ટ્રમાં ૮૪.૭૪ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

# અમરોલી ચાર રસ્તા પર સિટી બસ આધેડ માટે 'યમરાજ' બની

**ઇછ્છજ બસે આધેડને અડફેટે લઈ પગ કચડી નાખ્યાઃ અકસ્માત બાદ આધેડ તરફડતો રહ્યો; કોર્પોરેટરે કહ્યું– લોકો રસ્તા પર ચાલતા પણ ડરે છે**



સુરત, તા. ૪: સુરતમાં ફરી એકવાર BRTS બસનો કહેર જોવા મળ્યો છે. અમરોલી ચાર રસ્તા પાસે એક ઈલેક્ટ્રિક ઇછ્છજ બસે એક આધેડને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો છે. આ ઘટનામાં આધેડના બંને પગ પર બસનું ટાયર ફરી વળતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માતની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, અકસ્માત બાદ બસ મૂકીને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો.

આ ઘટના બાદ આમ આદમી પાર્ટીના કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું કે, સુરતના માર્ગો પર વાહનચાલકો અને રાહદારીઓ માટે સુરક્ષાનો અભાવ છે. સુહાગીયાએ કહ્યું કે, રોડ પર નીકળતા પણ ડર લાગે એવો માહોલ થઈ ગયો છે. સિટી અને BRTS બસના ચાલકો એક-બે દિવસે અકસ્માત સર્જી જ હોય છે.

તેમણે ઉમેર્યું કે, આજે અમરોલી ચાર રસ્તા પાસે એક આધેડના બંને પગ કચડી નાખ્યા છે, જેના કારણે હવે તેઓ કદાચ આજીવન ચાલી શકે એવી સ્થિતિમાં રહ્યા નથી. સુહાગીયાએ આક્ષેપ કર્યો કે, સુરતની સિટી બસોએ અત્યાર સુધીમાં ૧૦૦ કરતાં વધુ લોકોના જીવ લીધા છે, છતાં પણ તંત્ર અને શાસકો દ્વારા કોઈ બોધપાઠ લેવામાં આવતો નથી.

તેમણે સુરતની સિટી બસોને ''યમરાજ'' સાથે સરખાવી અને કહ્યું કે, લોકો રસ્તા પર ચાલતા પણ ડર અનુભવી રહ્યા છે. વારંવાર અકસ્માતો થવા છતાં તંત્ર સુધરવાનું નામ નથી લઈ રહ્યું અને ભાજપના શાસકોને પણ આ બાબતે કોઈ ચિંતા કે દરકાર હોય તેવું લાગતું નથી. આ પ્રકારના અકસ્માતો અને નિર્દોષ લોકોના જીવ લેવાની ઘટનાઓ ક્યારે બંધ થશે, તે એક મોટો સવાલ છે. આ અકસ્માત ફરી એકવાર સુરતની જાહેર પરિવહન વ્યવસ્થા અને વાહનચાલકોની બેદરકારી અંગે ગંભીર સવાલો ઊભા કરે છે. સામાન્ય લોકોની જિંદગીની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તંત્ર દ્વારા કડક પગલાં લેવા જરૂરી છે.

# હાઈકોર્ટે આસારામના હંગામી જામીન ના વધાર્યા



સુરત, તા. ૪: સુરત અને જોધપુરમાં દુષ્કર્મકેસના દોષિત અને આજીવન કેદની સજા ભોગવી રહેલા ૮૬ વર્ષીય આસારામના હંગામી જામીન પર આજે (૩ સપ્ટેમ્બરે) હાઈકોર્ટમાં સુનાવણી થઈ છે. ગુજરાત હાઈકોર્ટે કહ્યું હતું કે જોધપુર હાઈકોર્ટે મેરિટ પર આસારામના હંગામી જામીન લંબાવ્યા નથી. જો તમે જોધપુર હાઈકોર્ટના આદેશને સુપ્રીમમાં પડકાર્યો હોય તો એના ચુકાદાની રાહ જુઓ. ગુજરાત હાઈકોર્ટ એકસરખા મેડિકલ પેપર્સ પર અલગ વ્યૂ કઇ રીતે લઈ શકે? ત્યાર બાદ હાઈકોર્ટે આસારામના જામીન લંબાવ્યા નહોતા. હવે ૨૨ સપ્ટેમ્બરે રેગ્યુલર જામીન પર સુનાવણી યોજાશે.

આસારામના વકીલનું કહેવું છે કે તેઓ જોધપુર હાઈકોર્ટના હુકમ વિરુદ્ધ નથી, પરંતુ ડોકટરોની કમિટીનો રિપોર્ટ જોઈ લો. આસારામની તબિયત કથળી રહી છે, પરંતુ છ્છઈમાં મળેલી માહિતી મુજબ જરૂરી રિપોર્ટ કરાયા નથી. આસારામ આજે પણ બીમાર છે.

પીડિત પક્ષના વકીલે રજૂઆત કરી કે રાજસ્થાન હાઈકોર્ટના હુકમનો ગુજરાત હાઈકોર્ટે રિવ્યૂ ના કરવો જોઈએ. રાજસ્થાન હાઈકોર્ટે નથી માન્યું કે આસારામની તબિયત સતત કથળી રહી છે. ૨૭ ઓગસ્ટે સુનાવણી કરતાં રાજસ્થાન હાઈકોર્ટે કહ્યું હતું કે અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડિકલ રિપોર્ટ મુજબ, આસારામની તબિયત એટલી ગંભીર નથી કે તેના જામીન લંબાવવામાં આવે, જોકે આસારામને વ્હીલ ચેરની સુવિધા અને એક સહાયક રાખવાની છૂટ આપી હતી.

આ પહેલાં ૨૭ જૂને ગુજરાત હાઈકોર્ટે ૦૭ જુલાઈ સુધી જામીન લંબાવી આપ્યા હતા. ત્યાર બાદ ૦૩ જુલાઈએ ૦૧ મહિનો અને ૭ ઓગસ્ટ, ૨૦૨૫એ ત્રીજીવાર જામીન લંબાવ્યા હતા. હાઈકોર્ટે ૧૯ ઓગસ્ટે ચોથીવાર ૩ સપ્ટેમ્બર સુધી જામીન લંબાવ્યા હતા.

# ભીમરાડમાં ૩ વર્ષના પુત્ર સાથે ૧૩માં માળેથી પડતું મૂકી મહિલાનો આપઘાત



સુરત, તા. ૪: સુરતના અલથાણ વિસ્તારમાં આવેલા માર્તન્ડ હિલ્સ બિલ્ડિંગની અ વિંગમાં રહેતા લૂમ્સના કારખાનેદારની પત્નીએ બે વર્ષના પુત્ર સાથે આપઘાત કરી લીધો છે. પટેલ પરિણીતા તેમની અ વિંગમાંથી ઈ વિંગમાં ગઈ હતી, જ્યાં ૧૩મા માળેથી પહેલા પુત્રને ફેંક્યો અને ૧૨ સેકન્ડ બાદ તે પણ કૂદી ગઈ હતી. માતા અને પુત્ર સોસાયટીમાં સ્થાપિત ગણપતિ દાદાની મૂર્તિથી માત્ર ૨૦ ફૂટ જેટલા જ અંતરે પડ્યાં હતાં. જ્યારે માતા અને પુત્ર વચ્ચે ૮-૧૦ ફૂટનું અંતર હતું.

આ ઘટનાએ સમગ્ર વિસ્તારને હચમચાવી દીધો છે. હાલ મામલતદારની હાજરી અને ડોક્ટરો દ્વારા પેનલ પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે. આ ઘટના પહેલાં માતા અને દીકરો ૧૩મા માળે લિફ્ટમાં જતાં હોવાના સીસીટીવી પણ સામે આવ્યા છે.

માતા પૂજા પુત્ર ક્રિશિવને સાથે લઈને સી-વિંગના ૧૩મા માળે કપડાનું સ્ટિચિંગ કામ કરાવવા માટે જઈ રહી હતી. એ પહેલાં જ માતાએ મનોમનમાં આપઘાત કરવાના ઈરાદે ત્યાં પહોંચી હોવાનું લાગી રહ્યું છે, કારણ કે જેના ઘરે કપડાનું સ્ટિચિંગ કામ કરાવવા ગઇ હતી તેના ઘરનો દરવાજો બંધ હતો, જેથી પૂજાએ તેના ઘરનો બેલ વગાડ્યો હતો. બાદમાં આસપાસ કોઈ ન હોવાનું જાણીને તરત જ તે તેના પુત્ર ક્રિશિવને સાથે લઈને ૧૩મા માળેથી પડતું મૂકી આપઘાત કરી લીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બુધવારે મોડી સાંજે પૂજાબેન તેમના પુત્ર ક્રિશિવને લઈને તેમના બિલ્ડિંગના સી વિંગમાં ૧૩માં માળે ડ્રેસ સિવડાવવા માટે ગયા હતા. જ્યાં ૧૩માં માળેથી પૂજાબેને તેમના પુત્ર ક્રિશિવ સાથે કોઈક કારણસર અચાનક પડતું મૂકી દીધું હતું.

માતા-પુત્ર બિલ્ડિંગમાં સ્થાપિત ગણપતિ મંડપથી નજીક જ પટકાયા હતા. સ્થાનિક કોઈક વ્યક્તિએ પોલીસ કંટ્રોલમાં જાણ કરતા પાંડેસરાની પીસીઆર ઘટના સ્થળે દોડી ગઈ હતી. ઘટના અલથાણ પોલીસ મથકની હદમાં બની અને જાણ થતા અલથાણ પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી.

જોકે પૂજાબેન પુત્ર સાથે આવું પગલું કયા કારણસર ભરી લીધું તે પોલીસ મોડે સુધી જાણી શકી ન હતી.

# સરધાર પાસેથી રૂ.૪.૧૦ લાખના એમડી ડ્રગ્સ સાથે રાજકોટના બે પેડલર ઝડપાયા

રાજકોટ. તા.૪: સરધાર પાસેથી રૂ.૪.૧૦ લાખના એમડી ડ્રગ્સ સાથે રાજકોટના બે પેડલરને એસઓજીની ટીમે દબોચી લઈ રૂ.૧૪.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. રાજસ્થાનથી બંને મિત્રો ડ્રગ્સ લઈ રાજકોટ પહોંચી એડિકટોને સપ્લાય કરે તે પહેલાં જ દબોચી લીધા હતાં.

દરોડાની વિગત મુજબ, શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી.સીપી મહેન્દ્ર બગરીયા, ડિસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસીયા દ્વારા શહેર વિસ્તારમાંથી ડ્રગ્સની બદી દૂર કરવાની આપેલ સૂચનાથી એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ વિજયકુમાર ધ્રાંગુ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં.

ત્યારે ચોક્કસ બાતમીના આધારે ટીમે બાતમીના સ્થળે વોચમાં હતી ત્યારે ત્યાંથી સફેદ કલરની ક્રેટા કાર ભાવનગરથી રાજકોટ તરફના રોડ ઉપરથી નિકળતા એસોજીની ટીમે તેને અટકાવી કારમાં બેસેલ બે શખ્સોને નીચે ઉતારી તેનું નામ પૂછતા પોતાનુ નામ જગદીશ ભુપત ભોજક (ઉ.વ.૨૫, રહે- ખોડીયારનગર શેરી નં ૩૩ આજીવસાહત ક્ષત્રીય સમાજની વાડી પાસે રાજકોટ) અને કાર ચાલકનું નામ પૂછતા પોતાનુ નામ વિજયસિંહ મોહનસિંહ વાઘેલા (ઉ.વ.૨૪, રહે. રેલનગર આસ્થા ચોક, માં કોમ્પલેક્ષ પાસે નિલકંઠ પાર્ક શેરી નં.૩, રાજકોટ) હોવાનુ જણાવેલ હતું.





SA
SPECIAL AUTO
& Financial Services
સત્ય સમર્પણ
NEWS
PRESENTS
रात्री Before नवरात्री
2025
20th Sept 2025
Paaji Music
Riya Tanna
Arif jariya
Poonam Gondaliya
Sekhardan Gadhvi
(VISHVAMBHARI NAVRATRI GROUND)
VELVET PARTY PLOT, AYODHYA CHOWK, 150 FEET RING ROAD RAJKOT






# તારા સુતરિયાએ વીર સાથેના સંબંધોની ઓનલાઈન કબૂલાત કરી

તારા સુતરિયા હાલ વીર પહાડિયા સાથે ડેટિંગ કરી રહી હોવાની ચર્ચા છે. હવે તેણે સોશિયલ મીડિયા પર આ રિલેશનશિપ કન્ફર્મ કરી છે. તારા સુતરિયાએ પોતાનાં મ્યુઝિક આલ્બમનો એક વિડીયો શેર કર્યો હતો. તેના પર કોમેન્ટમાં વીર પહાડિયાએ તારાને તું મારી છો એમ કહી સંબોધી હતી. તારાએ પણ વીર પહાડિયાને તું મારો છો એમ જણાવ્યું હતું. આ સાથે બંનેએ પોતાના સંબંધો ઓફિશિયલ કરી દીધા છે તેમ મનાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, તારા સુતરિયા પહેલા આદર જૈન સાથે સંબંધમાં હતી. તેઓ લગ્ન કરવાના હોવાની પણ ચર્ચા હતી. પરંતુ અચાનક જ તેમનું બ્રેક અપ થઈ ગયું હતું. ત્યારબાદ તે જાહ્નવી કપૂરના બોયફ્રેન્ડ શિખર પહાડિયાના ભાઈ વીર સાથે રિલેશનમાં હોવાનું મનાય છે.

# ટીવી અભિનેતા આશિષ કપૂરની દુષ્કર્મ કેસમાં ધરપકડ

પોપ્યુલર ટીવી અભિનેતા આશિષ કપૂર પર દુષ્કર્મનો આરોપ લાગ્યો છે, જેનાથી ચાહકો ચોંકી ગયા છે. અભિનેતાની પુણે પોલીસે ધરપકડ કરી લીધી છે. પીડિતાએ ઓગસ્ટમાં દિલ્હીમાં એક હાઉસ પાર્ટી દરમિયાન આશિષ કપૂર પર બાથરૂમમાં દુષ્કર્મ કરવાનો આરોપ લગાવ્યો છે. દિલ્હીના સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં આશિષ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

આશિષ કપૂર ટીવી જગતનો એક જાણીતો ચહેરો છે. ટીવી ઉપરાંત તેણે ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તે ઈન્સ્ટાગ્રામ પર પણ એક્ટિવ છે અને તેની સારી ફેન ફોલોઈંગ છે. જોકે, હવે આ એકાઉન્ટ બંધ કરી દેવામાં આવ્યું છે.

આશિષ કપૂર 'સરસ્વતીચંદ્ર', 'લવ મેરેજ યા અરેન્જડ મેરેજ', 'ચાંદ છુપા બાદલ મેં', 'શ્શ્શ... ફિર કોઈ હૈ', 'સસુરાલ સિમર કા ૨', 'સાત ફેરે-સલોની કા સફર', 'દેખા એક મો ખ્વાબ', 'મોલક્કી રિશ્તો કી અગ્નિપરીક્ષા', 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ', 'વો અપના સા' અને 'બંદિની' જેવા ટીવી શોમાં નજર આવી ચૂક્યો છે. તેણે 'ટેબલ નંબર ૨૧' અને 'કુર્બાન' જેવી ફિલ્મો પણ કામ કર્યું છે. આશિષને ટીવી શો 'દેખા એક ખ્વાબ'માં ઉદયવીર સિંહના પાત્રથી લોકપ્રિયતા મળી હતી.

ટીવીની દુનિયામાં આવતા પહેલા આશિષ કપૂરે ઈન્ટિરિયર ડિઝાઈનર તરીકે પણ કામ કર્યું હતું. તેણે ટીવી શો 'શ્શ્શ...કોઈ હૈ' થી એક્ટિંગ ડેબ્યૂ કર્યું હતું.



આશિષ કપૂર પોતાની પર્સનલ લાઈફને લઈને પણ ખૂબ ચર્ચામાં રહ્યો છે. તે પહેલા કો-સ્ટાર પ્રિયલ ગૌરને ડેટ કરી રહ્યો હતો, પરંતુ બાદમાં તેમનું બ્રેકઅપ થઈ ગયું. બ્રેકઅપ પછી પણ તેમની મિત્રતા ચાલુ રહી. બાદમાં આશિષે અલ્બેનિયન મોડેલ ઈલ્ડા ક્રોનીને ડેટ કરી. આ સંબંધ પણ તૂટી ગયો.




# મહેશબાબુ- પ્રિયંકાની ફિલ્મ આફ્રિકન સાહસકથા પર આધારિત

એસ એસ રાજામોલી દ્વારા બનાવવામાં આવી રહેલી અને મહેશબાબુ તથા પ્રિયંકા ચોપરાની મુખ્ય ભૂમિકા ધરાવતી ફિલ્મ 'એસએસએમબી૨૯' મૂળ એક આફ્રિકન ક્લાસિક સાહસકથા પર આધારિત છે તેવો દાવો કેટલાક આફ્રિકન મીડિયા દ્વારા કરવામાં આવ્યો છે. જોકે, રાજામૌલી આ આફ્રિકન કથાને ભારતીય સ્વરુપ આપશે તેવી ચર્ચા છે. ફિલ્મનું કેટલુંક શુટિંગ ભારતના ઉડિસામાં થઈ ચૂક્યું છે. હવે થોડુંક શૂટિંગ આફ્રિકાના તાન્ઝાનિયામાં હાથ ધરાશે એમ જાણવા મળે છે. આ આફ્રિકન સાહસ કથામાં નાયકને સમગ્ર વિશ્વને બદલી શકે તેવી એક અજોડ શોધ કરવા માટે વિરાટ પરાક્રમો કરતો દર્શાવાયો છે. જોકે, રાજામૌલીએ આ ફિલ્મને ભારતીય સ્વરુપ આપ્યું છે. તેમણે આ ફિલ્મ માટે વારાણસીનું બેકગ્રાઉન્ડ દર્શાવ્યું છે. આ માટે તેમણે હૈદરાબાદમાં જ વારાણસીનો આખો સેટ ઊભો કર્યો છે.

"સમાચારનો સાચો પ્રભાવ - સત્ય સર્મપણ ન્યુઝ"

# સત્ય સર્મપણ NEWS




## ન્યુઝ પેપરની ડિજિટલ PDF મેળવો

# ફ્રી

સત્ય સર્મપણ દેનિક ન્યુઝ પેપરની પીડીએફ મેળવવા માટે નીચે આપેલા આઇકન પર ક્લિક કરો અને અમારી સાગે જોડાઓ...

## અમારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને દૈનિક અખબારમાં તમારા બિઝનેસની જાહેરાત કરો

# માત્ર રૂપિયા 4999/- માં

સત્ય સર્મપણ દેનિક ન્યુઝ પેપરમાં જાહેરાત આપવા સંપર્ક કરોઃ +91 85117 58302